
LIVE MUSICAL NIGHT
2026
Featuring
RAJBHA GADHVI
Venue: MMG College, Junagadh
Event: Farewell Party
Date: 23 February 2026
Time: 5 o'clock
Get Ready for an Unforgettable Evening of Music & Energy!

Date:૨૪-૨-૨૬

# રાજભા ગઢવીના ડાયરા સાથે ઘોડાસરા કોલેજમાં ફેરવેલ

પટેલ કેળવણી મંડળ સંચાલિત એમ. એમ. ઘોડાસરા મહિલા કોલેજમાં તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ B.A, B.COM, B.CA ના Last Year ના સ્ટુડન્ટ માટે ફેરવેલ પાર્ટી નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સાંસ્કૃતિક રૂપ આપવાના ઉદેશથી પ્રખ્યાત લોકગાયક - લોકસાહિત્યકાર રાજભા ગઢવી મુખ્ય અતિથી રહ્યા હતા. તેમણે પોતાના સુમધુર કંઠથી જુદા-જુદા લોકગીત અને સપાખરા રજુ કરીને બધાને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. સાથો સાથ તેમણે ભારતીય સંસ્કૃતિ નારી ગૌરવ અને રાષ્ટ્રભક્તની વાતોને પોતાની આ લોકગાયકી સાથે વણીને અદભુત રીતે પીરસી હતી. દીકરીઓના આશિર્વાદ એમણે મેળવ્યા અને દીકરીઓને પણ એમણે જીવનની પ્રગતિ અર્થે શુભેચ્છાઓ આપી હતી. એમની સાથે કોલેજની કેટલીક વિદ્યાર્થીઓને સ્ટેજ પર ગાવાની તક મળી હતી.સમગ્ર કાર્યક્રમને રાજભા ગઢવીની ઉપસ્થિતિથી ચાર ચાંદ લાગી ગયા હતા.પટેલ કેળવણી મંડળના પ્રમુખ શ્રી CA સવજીભાઈ મેનપરા સાહેબે તથા પ્રિન્સિપાલશ્રીએ રાજભા ગઢવીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને પ્રિ.ડૉ.ડી.એ સાહેબે શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમને ગોઠવવા માટે દીકરીઓને રાજી કરવા માટે પ્રિ.દિનેશભાઈ ડઢાણીયાએ પોતાના વ્યક્તિગત સબંધો સાથે અથાગ મહેનત ઉઠાવી હતી.કાર્યક્રમ અદભૂત અને અદ્વિતીય રીતે સફળ રહ્યો હતો અંતમાં સહુ જમીને છુટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમની વ્યાવસ્થા, દેખરેખ, સંભાળ અને સુચારુ સંચાલન કાર્યક્રમ સંયોજક પ્રા.ડૉ.રેખાબેન કાચડીયાએ કર્યું હતું.


M.M.Ghodasara Mahila Arts & Commerce College










M.Ghodasara Mahila Arts & Commerce College
Establishment - 1983









# જુનાગઢની ઘોડાસરા કોલેજમાં ફેરવેલ પાર્ટી યોજાઈ

## લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ લોકગીતો રજૂ કરી રંગત જમાવી

(સાગર સોલંકી)

જુનાગઢ તા.૨૬

પટેલ કેળવણી મંડળ સંચાલીત એમ.એમ. ઘોડાસરા મહિલા કોલેજમાં ગત તા.૨૩ના બીએ, બીકોમ, બીસીએના છેલ્લા વર્ષના વિદ્યાર્થી માટે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સાંસ્કૃતિક રૂપ આપવાના ઉદેશથી લોકગાયક લોક સાહિત્યકાર રાજભા ગઢવી મુખ્ય અતિથિ રહ્યા હતા.










તેમણે પોતાના સુમધુર કંઠથી જુદા જુદા લોકગીત અને સપાખરા રજુ કરીને બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એમની સાથે કોલેજની કેટલીક વિદ્યાર્થીનીઓને સ્ટેજ પર ગાવાની તક મળી હતી. સમગ્ર કાર્યક્રમને રાજભા ગઢવીની ઉપસ્થિતિથી ચાર ચાંદ લાગી ગયા હતા.



પ.કે.મંડળના પ્રમુખ સવજીભાઈ મેનપરાએ તથા પ્રિન્સીપાલે રાજભા ગઢવીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તેમજ પ્રિ.ડો. ડી.એ.એ શાબ્દીક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંયોજક પ્રા.ડો. રેખાબેન કાચડીયાએ કર્યું હતું. સમગ્ર આયોજન બદલ પ.કે.મંડળના મેને.ટ્રસ્ટી કાંતીભાઈ ફળદુ, પ્રમુખ સવજીભાઈ મેનપરા, કોલેજ કમીટીના ઈ.રતિભાઈ ભુવાએ અભિનંદન પાઠવ્યા હતા.






# ઘોડાસરા કોલેજમાં રાજભા ગઢવીના ડાયરા સાથે વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

## ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિના ગીતો અને વાતો દ્વારા સંગીતમય વાતાવરણ

આજકાલ પ્રતિનિધિ

જૂનાગઢ

જુનાગઢની ઘોડાસરા કોલેજમાં અભ્યાસ કરતી વિવિધ ફેકલ્ટીના અંતિમ વર્ષના વિદ્યાર્થીનીઓની ફેરવેલ પાર્ટીમાં રાજભા ગઢવીનો લોકડાયરો યોજવામાં આવ્યો હતો.

કોલેજની બી.એ, બી કોમ, બીસીએ ફેકલ્ટીની છેલ્લા વર્ષની વિદ્યાર્થીનીઓના અભ્યાસના અંતિમ વર્ષ સંદર્ભે યોજાયેલ ડાયરામાં રાષ્ટ્રભક્તિ અને ભારતીય સંસ્કૃતિનો ગીતનું ગાયન કરવામાં આવ્યું હતું. આ તકે કેટલીક વિદ્યાર્થીનીઓએ સ્ટેજ પર ગીત પણ ગાયું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો દિનેશભાઈ ડઢાણિયાના માર્ગદર્શન તથા રેખાબેન કાચડીયાના દિગ્દર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ દ્વારા રાજભા ગઢવીનું સન્માન કરાયું હતું.



(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)